# જાદુઈ ચક્કી

દરિયાકિનારે એક નાનું ગામ હતું.

ગામમાં શેઠિયા લોકો હતા, તેમ ગરીબ લોકો પણ હતા.

એવો એક ગરીબ ગામ છેવાડે ઝૂંપડીમાં રહેતો હતો. એનું નામ દીન. રોજ સવારે એ જંગલમાં લાકડાં કાપવા જાય ત્યારે સાથે ભાથું લેતો જાય. ભાથામાં હોય વાસી રોટલો ને કાંદો.

એક વાર દીન જંગલમાં લાકડાં વીણતો હતો, તેવામાં એક સાવ દૂબળો માણસ તેની સામે આવી ઊભો. એનાં પેટ અને પીઠ જાણે ચોંટી ગયાં હતાં. બોલવાનાયે એનામાં હોશ નહોતા. પેટનો ખાડો દેખાડી ઉં ઉં કરે. ભૂખ શી ચીજ છે તેની દીનને ખબર હતી. એટલે તરત જ એણે પોતાની પાસેનો વાસી રોટલો એને દઈ દીધો. પીવા માટે એણે નદીએથી પાણીનો લોટો ભરી લીધો હતો – તે પાણી પણ એને દઈ દીધું.

થોડી વાર પછી દીને જોયું તો એ ભૂખે મરતા માણસની જગાએ એક સાધુ ઊભો હતો. દીને સાધુને પ્રણામ કર્યા. સાધુએ એના માથે હાથ મૂકી કહ્યું : 'આવી ને આવી તારી મતિ રહેજો ! લે આ ચક્કી ! તારે જે જોઈએ તે આ ચક્કી તને આપશે. તારે કહેવાનું : 'ચક્કી ચક્કી ! રામ રામ !' એટલે ચક્કી ફરવા માંડશે ને તને માગેલું દેવા માંડશે. પછી તું ચક્કી ! ચક્કી ! સીતારામ !' કહેશે એટલે ચક્કી બંધ થઈ જશે હા, પણ આ ચક્કી તારે કોઈને વેચવાની નહિ, પણ કોઈને દેવાનું મન થાય તો મફત દઈ દેવી.'

દીન કહે : 'મારે રોજ જોઈએ રોટલો ને છાશ ! ચક્કી મને એ આપશે ?'



'આપશે.' કહી સાધુ અદશ્ય થઈ ગયો.

ભૂખ લાગી હતી, એટલે દીને કહ્યું 'ચક્કી ! ચક્કી ! રામ રામ ! રોટલો ને છાશ દે !'

તરત ચક્કી ચાલુ થઈ. ચક્કીના થાળામાંથી રોટલો મળ્યો ને છાશની ધાર થઈ !

'આટલું ઘણું !' કહી દીને 'ચક્કી ! ચક્કી સીતારામ !' કહ્યું. ચક્કી બંધ થઈ ગઈ.

પણ દીને મહેનતમજૂરી કરવાનું છોડયું નહિ, કોક વાર જ એ ચક્કીનો ઉપયોગ કરે.

પણ ભોળો માણસ, ખોટું બોલતાં આવડે નહિ, એટલે એની ચક્કીની વાત ગામમાં જાણીતી થઈ ગઈ હતી. દેશવિદેશ વહાણ લઈ જતા એક સોદાગરના કાને એ વાત આવી. એ સીધો દીનની પાસે પહોંચી ગયો. કહે : 'તારી ચક્કી મને આપ, તું માગે તે આપું !'

દીને કહ્યું : 'લઈ જાઓ ! ચક્કી તમારી ! બદલામાં મારે કંઈ જોઈએ નહિ !'

આટલું કહ્યું ત્યાં સોદાગરે ચક્કી કબજે કરી ચાલવા માંડયું. દીને ઝટપટ એને કહ્યું : 'ચક્કી ! ચક્કી! રામ રામ' કહી જે માગશો તે ચક્કી તમને આપશે, અને –'

સોદાગરે આગળ કંઈ સાંભળ્યું નહિ, એ દૂર નીકળી ગયો હતો.

વહાણ પર પહોંચી સોદાગરે તરત જ વહાણ ઉપાડયું. વખતે દીન ચક્કી પાછી માગે તો ? એની એને બીક હતી.

વહાણ દરિયા પર દોડતું હતું, ત્યાં રસોયાએ આવી સોદાગરને કહ્યું : 'વહાણ વહેલું ઉપાડયું, એથી મીઠું લાવવાનું રહી ગયું છે. કેમ કરીશું !'

સોદાગરે કહ્યું : 'ફિકર નહિ ! હું લાવી દઉં છું.'

એણે ચક્કીને હુકમ કર્યો : 'ચક્કી ! ચક્કી ! રામ રામ ! મને મીઠું આપ !'

તરત ચક્કી ફરવા માંડી અને મીઠું વેરાવા માંડયું. સોદાગરે લેવું હતું એટલું મીઠું લીધું ને ચક્કીને કહ્યું : 'ચક્કી ! ચક્કી ! બંધ થા.'

પણ ચક્કી બંધ થઈ નહિ. સોદાગરે ચક્કીનો પૂરો મંત્ર સાંભળ્યો જ નહોતો, એટલે થાય શું ? ચક્કી ચાલતી જ રહી, મીઠું નીકળતું જ રહ્યું.

વહાણમાં મીઠાના ઢગલા થતા ગયા.

નાવિકો કહે : 'શેઠ, ચક્કી બંધ કરો, નહિ તો મીઠાના ભારે વહાણ દરિયામાં ડૂબી જશે. વહાણ ભેગા આપણે સૌ ડૂબી જશું.'

પણ ચક્કી બંધ થતી જ નહોતી. સોદાગરે હાથ જોડયા, પગે લાગ્યો, હનુમાનજીના સોગન દીધા, પણ ચક્કી બંધ ન થઈ તે ન થઈ. છેવટે સોદાગરે ચક્કીને જ ઊંચકીને દરિયામાં ફેંકી દીધી !

ચક્કી પાસે એને મહેલ મિનારા માગવા હતા. પણ એના મનની મનમાં રહી ગઈ.

ચક્કી દરિયામાં જઈને પડી, પણ એ ચાલતી જ રહી. દરિયાનું પાણી ખારું ખારું થઈ ગયું.

હજીયે દરિયા હેઠળ એ ચક્કી ચાલે છે, એટલે દરિયાનું પાણી ખારું થતું મટતું નથી.

■